# <u>ઈ-મેઇલ મેસેજ</u>

<u>પ્રતિ</u> :- ડાયરેકટરશ્રી, ગુજરાત ઇન્ફોર્મેટીક્સ લી.,ગાંધીનગર (gujinfo.gog@gmail.com )

<u>જાણ</u> :- (૧) પોલીસ મહાનિદેશક અને મુખ્ય પોલીસ અધિકારીશ્રી, ગુ.રા., ગાંધીનગર

(૨) અધિક પોલીસ મહાનિદેશક અને કમિશ્નરશ્રી તકનીકી સેવા, ગુ.રા., ગાંધીનગર (gswan-conn@gujarat.gov.in)

(૩) નાયબ પોલીસ મહાનિરીક્ષકશ્રી, જૂનાગઢ વિભાગ, જૂનાગઢ

<u>પ્રેષક</u> :- પોલીસ અધિક્ષક, પોરબંદર.

**<u>નંબર</u>** :- કોમ્પ્યુટર/વેબસાઇટ અપલોડ/ ૭૨/૨૦૨૫ તા.૦૩/૦૩/૨૦૨૫

**<u>વિગત</u> :-**

સવિનય આપશ્રીની કચેરીના જીસ્વાન મેસેજ નં. જી૧(ક્રાઇમ)/ટે-૨/સારી કામગીરી/૧૭૮૧/૨૦૧૨, તા.૧૭/૦૫/૨૦૧૨ તથા ગૃહ વિભાગ ગાંધીનગરના નં.આઇટી/૧૦૨૦૧૧/૩૦/આઇટી સેલ/૨૦૧૨ તા.૧૨/૦૭/૨૦૧૨ અન્વયે પોરબંદર જીલ્લાની અઠવાડીક **તા.૨૪/૦૨/૨૦૨૫ થી તા.૦૨/૦૩/૨૦૨૫** સુધીની સારી કામગીરીની મુદ્દા નંબર ૧ થી ૬ ની માહિતી નીચે મુજબ છે.

**મુદ્દા નંબર ૫:- વૃધ્ધો મહીલાઓ કે બાળકોની સુરક્ષા માટેની વિશિષ્ટ કામગીરીઃ-**

**<u>મહીલા પો.સ્ટે.</u>**

(૧) તા.૨૪/૦૨/૨૦૨૫ ના રોજ મહીલા પોલીસ સ્ટેશનના સ્ટાફ દ્વારા કડીયાપ્લોટ વિસ્તારમાં સીનિયર સીટીજનોની મુલાકાત કરી તેમને કોઇ મુશ્કેલી હોય ત્યારે પોલિસની મદદ લેવા તેમજ ડાયલ ૧૦૦ નંબર બાબતે માહિતી આપી.

(૨) તા.૨૫/૦૨/૨૦૨૫ ના રોજ મહિલા પોલીસ સ્ટેશનના સ્ટાફ દ્વારા કમલાબાગ વિસ્તારમાં આવેલ મોલમાં કામ કરતી મહિલાની મુલાકાત લઇ તેઓ રાત્રે આઠ વાગ્યા પછી પોતાના ઘરે સુરક્ષિત પહોચે તે બાબતે યોગ્ય માર્ગદર્શન આપેલ.

(૩) તા.૨૬/૦૨/૨૦૨૫ ના રોજ મહિલા પોલીસ સ્ટેશનના PI વી.કે.ગોલવેલકર તથા કમલાબાગ પો.સ્ટે.ના PI આર.સી.કાનમીયા તથા મહિલા પો.સ્ટે.ના કર્મચારીઓ દ્વારા મહાશિવરાત્રી તહેવાર અનુસંધાને મંદીરમા યુવા કીશોરીઓની વધુ પ્રમાણમા હાજરી હોય. જેથી સાથે રહેલ મહિલા કર્મચારી દ્વારા રોમીયોગીરી કરતા ટપોરી ઈસમો ઉપર ડીકોઈની કામગીરી કરતા આવા ટપોરી ઈસમ મળી આવેલ ના હોય તથા જુદા-જુદા મંદીરમા પેટ્રોલીંગ કરી દર્શન કરવા આવેલ યાત્રાળુને મહીલા જગૃતીકરણ તથા મહિલા સુરક્ષા વિશે માર્ગદર્શન આપેલ. તેમજ પોલીસ હેલ્પલાઇન નંબર 100 તેમજ મહિલા હેલ્પલાઇન 181 તેમજ સાયબર ક્રાઇમ હેલ્પ લાઈન નંબર 1930 વિશે મદદ મેળવવા યોગ્ય માર્ગદર્શન આપવામાં આવેલ.

(૪) તા.૨૭/૦૨/૨૦૨૫ ના રોજ મહિલા પોલીસ સ્ટેશનના સ્ટાફ દ્વારા સ્કુલ/કોલેજ/તેમજ વાડી પ્લોટ /ચોપાટી વિસ્તારમાં ફુટ પેટ્રોલીંગ દરમ્યાન શી ટીમની કામગીરી કરી, તેમજ સીનિયર સીટીજનોની મુલાકાત કરી તેમને કોઇ મુશ્કેલી હોય ત્યારે પોલિસની મદદ લેવા તેમજ ૧૮૧ હેલ્પ લાઇન બાબતે માહિતી આપી.

(૫) તા.૨૮/૦૨/૨૦૨૫ ના રોજ મહિલા પોલીસ સ્ટેશનના સ્ટાફ દ્વારા યુગાન્ડા રોડ પર આવેલ હોસ્પીટલમાં ખાનગી રીતે મુલાકાત લઇ ત્યા ગેરકાયદેસર ભ્રૂણ પરીક્ષણની પ્રવૃતિ ચાલે છે કે નહિ જે બાબતે ખરાઇ કરતા જ્યાં આવી પ્રવૃતિ ચાલતી નહી હોવાનુ જણાયેલ.

(૬) તા.૦૧/૦3/૨૦૨૫ ના રોજ મહિલા પોલીસ સ્ટેશનના સ્ટાફ દ્વારા ગોઢાણીયા વિસ્તાર ખાતે બહેનો તથા કિશોરીઓની વધુ પ્રમાણમા હાજર હોય. જેથી સાથે રહેલ મહિલા કર્મચારી દ્વારા રોમીયોગીરી કરતા ટપોરી ઇસમો ઉપર ડીકોઇ ગોઠવી ડીકોઇ અંગેની કામગીરી કરતા કોઇ ટપોરી ઇસમો મળી આવેલ ન હોય તેમજ કડીયા પ્લોટ વિસ્તારમા સિનીયર સીટીજનની મુલાકાત લઇ તેમને કોઇ મુશ્કેલી હોય તો પોલીસને જાણ કરી મદદ મેળવવા અંગેની સમજ કરવામાં આવી.

(૭) તા.૦૨/૦3/૨૦૨૫ ના રોજ મહિલા પો.સ્ટે.ના સ્ટાફ દ્વારા કર્લીના પુલ વિસ્તારમાં અવાવરૂ જગ્યાએ કોઇ નવજાત બાળક ત્યજી દેવામા આવેલ નથી જે બાબતે પેટ્રોલીંગ દરમ્યાન ખરાઇ કરેલ જે બાબતે આવુ કઇ જણાય આવેલ ન હોય જે બાબતે સ્ટે.ડા નોંધ કરવા લેખિત રીપોર્ટ આપતા ભ્રૂણ હત્યા કે પછી નવજાત બાળક ત્યજી દેવામા આવેલ ન હોય .વિ મતલબે કામગીરી કરવામાં આવેલ છે.

**મુદ્દા નંબર ૬:- અન્ય લોકહીતની બાબતો જે લોકોના તુરંત જ ધ્યાન પર આવે તેવી બાબતો વિગેરે**

<u>કમલાબાગ પો.સ્ટેઃ-</u>

કમલાબાગ પોલીસ સ્ટેશનના પો.ઈન્સ.શ્રી આર.સી.કાનમીયા દ્વારા ઉપરી અધિકારીશ્રીઓની આપેલ સુચના મુજબ તા.૨૬/૦૨/૨૦૨૫ " તેરા તુજ કો અર્પણ " કાર્યક્રમ અંતર્ગત કમલાબાગ પોલીસ સ્ટાફએ ભુલથી ગુમ થયેલ વાહન મુદામાલ મુળ માલીકને પરત કરેલ છે. જે મોટર સાઇકલ મુદામાલ જેની કી.રૂ.૨૦,૦૦૦/- નો મુદામાલ "તેરા તુજ કો અર્પણ" કાર્યક્રમ અંતર્ગત મુળ માલીકને પરત સોપવામા આવેલ છે.

જે આપશ્રી ને વિદિત થાય.

( ઋતુ રાબા )
ના.પો.અધિ.મુ.મ. અને
નોડલ ઓફીસર eGujcop
પોરબંદર